# પત્રકાર

એક પત્રકાર સમાચારો એકત્ર કરે છે, વાજબી અને નિષ્પક્ષ પરિપ્રેક્ષ્યનો ઉપયોગ કરીને વાસ્તવિક ઘટનાઓ વિશેના સમાચારોનું મૂલ્યાંકન કરે છે અને પ્રસ્તુત કરે છે. સમાચાર આપવા માટે તેઓ લખાણ, ઑડિઓ અથવા ચિત્રો/તસવીરોનો ઉપયોગ કરી શકે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે મુદ્દાઓ વિશે ચર્ચામાં આવવાનું પસંદ કરો છો
- તમને બહાર ફિલ્ડમાં કામ કરવાનું પસંદ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સંચાર અને પત્રકારિત્વ / માસ મીડિયા / પત્રકારિત્વ / પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સંચાર અને પત્રકારિત્વ/માસ મીડિયા / પત્રકારિત્વ / પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

પત્રકારિત્વ/પત્રકારિત્વ અને માસ કોમ્યુનિકેશન/મીડિયા અને કોમ્યુનિકેશન/ડિજિટલ જર્નાલિઝમ/બ્રૉડકાસ્ટ જર્નાલિઝમ અથવા સંબંધિત વિદ્યાશાખાઓમાં બેચલર ઑફ વોકેશન (બી.વોક.) પૂર્ણ કરો. **અથવા**

પત્રકારિત્વ અથવા માસ કોમ્યુનિકેશનમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પત્રકારનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૩,૫૦૦ થી ૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Journalist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** અખબારો, મેગેઝિન કંપનીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે મુખ્યત્વે ઓફિસમાં કામ કરશો જ્યાં તમારે ટીમનું સંચાલન કરવાની જવાબદારી પણ નિભાવવાની રહેશે. તમારા કામના કલાકો અઠવાડિયાના ૫ થી ૬ દિવસ, દરરોજ ૯ થી ૧૦ કલાક જેટલા હોઈ શકે છે. આ સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે. તમારે ચુસ્ત સમયમર્યાદા હેઠળ કામ કરવું પડશે. જો તમે રિપોર્ટર છો, તો તે ડેસ્ક જોબ નથી, અને તમારે ઘટના સ્થળની મુલાકાત લેવા માટે સતત મુસાફરી કરવાનું બનશે. તમારે શિફ્ટમાં કામ કરવું પડશે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સ્ટ્રિંગર → સ્ટાફ રિપોર્ટર → સિનિયર રિપોર્ટર → ચીફ રિપોર્ટર → પ્રિન્સિપલ/સ્પેશિયલ રિપોર્ટર → ચીફ ઑફ બ્યુરો → આસિસ્ટન્ટ રેસિડેન્ટ એડિટર → ડેપ્યુટી રેસિડેન્ટ એડિટર → એડિટર **અથવા**

તાલીમાર્થી સબ-એડિટર → સબ-એડિટર → સિનિયર સબ-એડિટર → ચીફ સબ-એડિટર → આસિસ્ટન્ટ ન્યૂઝ એડિટર → એસોસિયેટ ન્યૂઝ એડિટર → આસિસ્ટન્ટ રેસિડેન્ટ એડિટર → ડેપ્યુટી રેસિડેન્ટ એડિટર → એડિટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. એસ.પી.યુ., વલ્લભ વિદ્યાનગર, ગુજરાત
૪. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૫. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી
૬. ફારૂક કોલેજ, કોઝિકોડ
૭. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૮. વી.એન.એસ.જી.યુ., સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૨. સિમ્બાયોસિસ ઇન્સ્ટિટ્યુટ ઓફ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન, પુણે
૩. મીડિયા સ્ટડીઝ વિભાગ, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. ટાઈમ્સ સ્કૂલ ઓફ જર્નાલિઝમ, નવી દિલ્હી
૫. મણિપાલ ઇન્સ્ટિટ્યુટ ઑફ કોમ્યુનિકેશન્સ, મણિપાલ
૬. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૭. નવરચના યુનિવર્સિટી, વડોદાર
૮. એન.આઇ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કોપી એડિટર, સબ એડિટર, રિપોર્ટર

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=journalism
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**શીરીન ભાન** સી.એન.બી.સી.-ટી.વી.૧૮ના મેનેજિંગ એડિટર છે. તેણી સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હીમાંથી ફિલોસોફીમાં સ્નાતક થયા અને પુણે યુનિવર્સિટીમાંથી કોમ્યુનિકેશન સ્ટડીઝમાં, ફિલ્મ અને ટેલિવિઝનમાં સ્પેશ્યલાઇઝેશન સાથે અનુસ્નાતકની પદવી હાંસલ કરી. તેણી ૧૫ વર્ષથી વધુ સમયથી આ ક્ષેત્રમાં છે. તેણીએ પોતાની કારકિર્દીની શરૂઆત કરણ થાપરના પ્રોડક્શન હાઉસ, ઇન્ફોટેનમેન્ટ ટેલિવિઝન માટે સમાચાર-સંશોધક તરીકે કરી હતી.*

સ્રોત : https://www.nimcj.org/blog-detail/top-9-female-journalists-of-india.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.